## વર્ગ-૪ કર્મચારી મંડળના પ્રમુખનો વિદાય સમારોહ

ગુજરાત રાજય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ ગાંધીનગરના પ્રમુખ રામેશ્વર એમ. લોટ તા. ૩૦ જૂનના રોજ વય નિવૃત્ત થયા છે. લોટની સરકારી સેવા અને મહામંડળની સેવાઓને બિરદાવવા માટે જૂના સચિવાલય ઉપહાર ગૃહ બપોરે ૨-૦૦ વાગે સત્કાર સમારોહ યોજવામાં આવશે. જેમાં ૨૬ જિલ્લા કર્મચારી સંકલન સમિતિ ઉપસ્થિત રહેશે. ત્યારે વર્ગ-૪ના તમામ કર્મચારીઓને હાજર રહેવા વર્ગ-૪ મહામંડળના મહામંત્રી પ્રવિણ સોલંકીએ જણાવ્યું છે.

## સેકટર-૫-એ મંદિરમાં મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો

રાધા-કૃષ્ણ મહિલા મંડળ સેકટર-૫-એ આયોજિત આનંદનો ગરબો શ્રી શિવ-શકિત મંદિર પ્રેરણા વિદ્યાલય સામે સેકટર-૫-એના મંદિર પરિસરમાં તા. ૧લી જુલાઈના બપોરે ત્રણ વાગે રાખેલ છે. સૌને પ્રસાદ અને દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

## નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર તથા શ્રી ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે તા. ૧-૭-૧૪થી તા. ૧૦-૭-૧૪ સુધી શ્રી ગાયત્રી શક્તિપીઠ, સેક્ટર-૧ ખાતે સવારે ૭.૦૦ કલાકથી ૮.૧૫ કલાક દરમ્યાન યોગ-ધ્યાન શિબિરનું આયોજન કરેલ છે. યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચુ શ્વસન, વિવિધ બીમારીઓમાં ઉપચાર માટે તથા રોકવા માટેના આસનો, પ્રાણાયામ, શારિરિક-માનસિક આરોગ્ય વિગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

## લેકાવાડા ચૈતન્ય સ્કૂલમાં દંત ચિકિત્સકા કેમ્પ

લેકાવાડામાં આવેલી ચૈતન્યમાં દંત ચિકિત્સા કેમ્પ અને સ્કોલાસ્ટીક મેળો તા. ૨ જુલાઈ બુધવારે સવારે ૯.૦૦ થી ૧.૦૦ દરમિયાન શાળા પરિસરમાં યોજવામાં આવશે. કેમ્પમાં અમદાવાદના પ્રખ્યાત ડેન્ટીસ્ટ ડૉ. ડોલી પટેલ તેમજ અમદાવાદ મનપાના ડૉક્ટરો દ્વારા સેવા આપવામાં આવશે. કેમ્પમાં નગરની જનતાને ડાયરેક્ટર ઈલિઝાબેથ કોશી અને આચાર્યા પ્રિતા પિલ્લાઈ દ્વારા કેમ્પનો લાભ લેવા માટે જણાવ્યું છે. જે લોકો કેમ્પનો લાભ લેવા ઉચ્છતા હોય તેમણે તા. ૧ જુલાઈ સુધી ૯૮૨૫૬૯૭૭૯૭ પર રજીસ્ટ્રેશન કરાવવુ અનિવાર્ય છે.

## ગાંધીનગર શહેર કોંગ્રેસે રથયાત્રાનું સ્વાગત કર્યુ

ગાંધીનગર શહેરની નગરચર્યાએ નિકળેલા ભગવાન જગદીશ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામના રથનું શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ઘ-૨ સર્કલ ખાતે ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ મુકેશ પટેલ, પૂર્વ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પ્રવિણ પટેલ, ચિમન વિંઝુડા, હર્ષજીત પંડ્યા, અશોક શ્રીમાળી, અંકિત બારોટ તેમજ વિવિધ સેલના પદાધિકારીઓ, આગેવાનો અને કાર્યકરોએ ઉપસ્થિત રહી ભગવાનના આશીર્વાદ મેળવ્યા હતા.

## સે. ૮ વસાહત મંડળ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

વસાહત મંડળ સેક્ટર-૮ દ્વારા ચાર વર્ષથી તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવે છે. ત્યારે ચાલુ વર્ષે પણ મંડળ સેક્ટર-૮ના વિદ્યાર્થીઓને સન્માનશે. વર્ષ ૨૦૧૩-૧૪ વાર્ષિક પરીક્ષામાં ૭૫ ટકાથી વધુ માર્કસ મેળવનાર ધોરણ-૧ થી ૯ ના વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરશે. જે વિદ્યાર્થીઓએ ઉચ્ચ ટકાવારીની સિદ્ધિ મેળવી છે તેમણે સંસ્થાના હોદ્દેદારો રમણભાઈ મકવાણા - ૯૪૨૯૦ ૨૮૪૮૪, પ્રેમસિંહ રાજપુત - ૯૭૩૭૭ ૨૩૬૮૦અને ગીરીશભાઈ યાદવ - ૯૪૨૭૬ ૩૨૪૬૩ને મોકલી આપવાના રહેશે. પ્રમાણપત્રો તા. ૩૧ જુલાઈ પહેલા મોકલવાના રહેશે.



અષાઢી બીજની સંધ્યાએ સેક્ટર-૩-ડી ખાતે સ્થાનિક કોર્પોરેટર શંકરભાઈ બી. ચૌધરી દ્વારા એક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નીતિન પટેલ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન આશીષ દવે, કોર્પોરેટર કાર્તિક પટેલ, દર્શના અડાલજા, જીતુ રાયકા વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા કલાકારો ભીખુદાન ગઢવી અને અભિતા પટેલ દ્વારા લોકગીતોની સુંદર રજુઆતો કરવામાં આવી હતી. જેને હાજર શ્રોતાઓએ પુરેપુરી દાદ આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

## રાધાકૃષ્ણના ગીતોની સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ પ્રથમ નંબર મેળવ્યો

ગાંધીનગર, તા. ૩૦

અષાઢી નોરતા અને રથયાત્રા નિમિત્તે જ્યોતિ મહિલા મંડળ દ્વારા અરવિંદ કેન્દ્ર સેક્ટર-૨૩ ખાતે રાધાકૃષ્ણના ભજન ગાવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓના ગૃપે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.

નગરમાં ભગવાન જગદીશની ૩૦મી રથયાત્રા નિકળી. જેના ભાગરૂપે લાલાના ગુણલા ગાવા જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા સેક્ટર-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં નગરના વિવિધ મંડળો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો.

સેક્ટર-૫ માં આવેલ પ્રેરણા વિદ્યાર્થીઓના ગૃપ દ્વારા લાલાના ભજનો ગાવા ભાગ લીધો હતો. જેમાં શ્વેતા સોલંકી, ધોરણ-૯ તેમજ ધોરણ-૮ની મયુરી સોલંકી, પાર્વતી ઠાકોર, માર્ગી પરમાર, પ્રિયંકા દેસાઈ, વર્ષા રબારી અને ચેતના ચાવડાના મુખે કાનાના રૂડા મંગલ ગીતો રજુ કરવામાં આવતા ગૃપને પ્રથમ નંબર આપવામાં આવ્યો હતો.

પ્રથમ નંબર મેળવેલ તમામ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ વાઘેલા, આચાર્યા સ્વાતિબા રાઓલ અને સ્પર્ધા જીતવા બદલ આયોજક જ્યોતિ મહિલા મંડળ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## નેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના બે ખેલાડીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૩૦

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશન દ્વારા તાજેતરમાં ગોવા મુકામે રાષ્ટ્રીય કક્ષાની કરાટે સ્પર્ધા યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં ગોવા, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પશ્ચિમ પંગાળ, હરિયાણા, પંજાબ, દમણ, આસામ વગેરે રાજ્યોમાંથી ચુનંદા કરાટેવીરોએ ભાગ લીધો હતો.

ગુજરાત રાજ્યની ટીમમાં ગાંધીનગરનાં બે ખેલાડીઓ પસંદગી પામ્યા હતા. આ બંને ખેલાડીઓએ ફાઈટ (કુમીતે) તથા કાતા એમ બંને પ્રકારની સ્પર્ધાઓમાં ભાગ લઈ મેડલ્સ મેળવ્યા હતા. બ્લેક બેલ્ટ કેટેગરીમાં સેમ્પાઈ સુરજ ત્રિપાઠીએ કુમીતે તથા કાતા બંને વિભાગોમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. જ્યારે કલર બેલ્ટની કેટેગરીમાં શ્રી તીર્થ આર. પટેલે કમીતેમાં સિલ્વર તથા કાતામાં બ્રોન્ઝ મેડલ્સ મેળવી ગાંધીનગરનું નામ રોશન કર્યુ હતું. આ પ્રસંગે બંને ખેલાડીઓના કોચ સેનસાઈ શ્રી ગૌરાંગ રાણા તથા સેમ્પાઈ શ્રી દર્શન સુથારે ખેલાડીઓને વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. અકેડમીનાં ટેકનિકલ ડાયરેક્ટર શિહાન અરવિંદભાઈ રાણાએ પણ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# વરસાદ પૂર્વે ડ્રેનેજ સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ શરૂ

## મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા સરકારી બિલ્ડીંગોના ધાબાની પણ સફાઈ હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૩૦

વરસાદી દિવસો માથે છે. રોજબરોજ હાથતાળી આપતા મેઘરાજાની સવારી ગમે ત્યારે આવી પડે તેમ છે. ત્યારે તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે શહેરના સેક્ટરોમાં ડ્રેનેજ તેમજ સ્ટોર્મ વોટર લાઈનની સફાઈનું કામ શરૂ કરી દેવાયું છે. આ ઉપરાંત શહેરની સરકારી બિલ્ડીંગોના ધાબાની સફાઈ કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

ચોમાસાની ઋતુ નજીકમાં છે ત્યારે શહેરમાં વાહકજન્ય રોગચાળાને ડામવા તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન એક્ટીવીટીને લઈ પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ચોમાસા દરમિયાન સેક્ટરોમાં જળબંબાકારની સ્થિતિ ન સર્જાય તે માટે હયાત સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ શરૂ કરી દેવાઈ છે. મોટાભાગના સેક્ટરોમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવે વરસાદી પાણીનો ભરાવો થાય છે. જો કે આમ મુખ્ય માર્ગો ઉપરાંત અન્ય ૭ સેક્ટરોમાં સ્ટોર્મ વોટરલાઈનને ચોખ્ખી કરવા તંત્ર કામે લાગ્યું છે. આ ઉપરાંત ડ્રેનેજ લાઈનમાં પણ કોઈ સમસ્યા ન ઉદ્ભવે તે માટે ગટરલાઈનની પણ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત મચ્છર ઉત્પત્તીસ્થાનોને ઉગતા ડામવા સરકારી આવાસો ઉપરાંત શહેરની સરકારી બિલ્ડીંગોના ધાબાની સફાઈનું કામ શરૂ કરી દેવાયું છે. ચોમાસા દરમિયાન સરકારી આવાસોના ધાબા પર સેંકડો મચ્છર ઉત્પત્તિ સ્થાનો ઉદ્ભવતા રોગચાળાને જોર મળતુ હોય છે. આવા સંજોગોમાં વરસાદી પાણીનો ભરાવો અને ગંદકી અટકાવવા તંત્ર દ્વારા સેક્ટરોમાં આ કામગીરી શરૂ કરી દેવાઈ છે.

## સચિવાલય સોસાયટી ચૂંટણીમાં વિજયી

ગાંધીનગર, તા. ૩૦

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડિટ સોસાયટી લી. ગાંધીનગરની બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ચૂંટણી ગત તા. ૨૬ જૂનના રોજ યોજવામાં આવી હતી. ચૂંટણીમાં કુલ સાત ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં પાંચ ઉમેદવારોની વિજય જાહેર કરવામાં આવ્યા હતા. પ્રથમ જયંતિલાલ ભગવાનદાસ સાધુ, બીજા મૌલિકકુમાર ભુપેન્દ્રભાઈ પટેલ, ત્રીજા જયેશકુમાર શરદચંદ્ર જોષી, ચોથા પ્રધુમનસિંહ રણજીતસિંહ વાઘેલા અને પાંચમાં ક્રમે ઉમેશકુમાર પુરુષોત્તમભાઈ વસાવા વિજયી જાહેર થયા હતા.



વરસાદની રાહ જોતા જોતા ગરમીમાં થાકીને કોઈ ઝાડના છાંયામાં આરામ ફરમાવતા વ્યકિતઓ હજુ ઠેક ઠેકાણે જોવા મળી રહ્યા છે. વાદળછાયું વાતાવરણ છતાં ઉકળાટ અને ગરમીનું પ્રમાણ હજુ યથાવત છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગર નજીક નવનિર્મિત જગન્નાથ કલ્ચરલ એકેડેમી એન્ડ રિસર્ચ સેન્ટરનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજયના યાત્રાધામોમાં યાત્રાધામ-દેવસ્થાન ટ્રસ્ટના સહયોગથી યુવા રોજગારલક્ષી પ્રશિક્ષણ તાલીમ કેન્દ્રો શરૂ કરવાની નેમ વ્યકત કરી છે.

મોટાં પવિત્ર યાત્રાધામોના ટ્રસ્ટ સંચાલિત આવા રોજગારલક્ષી પ્રશિક્ષણ તાલીમ કેન્દ્રો સ્વરોજગારી સાથે પારંપારિક કલા-સંસ્કૃતિ-હૂન્નર ઘોગ દ્વારા રોજગાર નિર્માણમાં સમાજ દાયિત્વ નિભાવશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ અષાઢી બીજના પર્વે ગાંધીનગર-અડાલજ માર્ગ પર નવનિર્મિત જગન્નાથ કલ્ચરલ એકેડેમી એન્ડ રિર્સચ સેન્ટર તથા જગન્નાથજીના ભવ્ય મંદિરના લોકાર્પણ સંપન્ન કર્યા હતા.

ગુજરાતમાં સ્થાયી થયેલા ઉડ્ડીસાવાસીઓ દ્વારા નિર્માણ થયેલું આ કેન્દ્ર ગુજરાત-ઓરિસ્સા વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને પરસ્પર સંબંધોના સેતુરૂપ બનશે તેમ મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું. આ કેન્દ્રમાં યુવા રોજગારલક્ષી તાલિમ-પ્રશિક્ષણ અને પરંપરાગત કલા-સંસ્કૃતિની વૈવિધ્યસભર તાલીમ કેન્દ્ર તરીકેની ઉત્તમ આધુનિક વ્યવસ્થા રાજ્યની યુવાશકિત માટે ઉપકારક બનશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

શ્રીમતી આનંદીબહેન પટેલે કૂપોષણમૂકિત અભિયાનમાં ધર્મસંસ્થાનો-દેવસ્થાનો સક્રિય સહયોગ આપે તેવો પ્રેરક અનુરોધ પણ કર્યો હતો. તેમણે જગન્નાથ કલ્ચરલ એકેડમી દ્વારા સાબરકાંઠા જિલ્લાની આંગણવાડીઓના કૂપોષિત બાળકો માટે પોષક આહાર રૂપે અપાયેલી સુખડી સાબરકાંઠા જિલ્લા કલેકટરને અર્પણ કરી હતી.

સ્વામી વિવેકાનંદ યોગ અનુસંધાન સંસ્થાન બેંગ્લોરના સ્થાપક સભ્ય ડો. આર. નાગરત્નાજીએ આશીર્વચન પાઠવ્યા હતા.

પ્રારંભમાં ટ્રસ્ટીશ્રી હરિશ પટનાઈકે સ્વાગત પ્રવચન કર્યું હતું.

ટ્રસ્ટના ચેરમેન અને ગૃહના અધિક મુખ્ય સચિવ ડો. સુદીપકુમાર નંદાએ સંસ્થાનની પ્રવૃત્તિ રૂપરેખા આપી હતી અને સંસ્થાનના સેવાકાર્યોનો ઉદ્દેશ સ્પષ્ટ કર્યો હતો.

આ અવસરે અધિક મુખ્ય સચિવશ્રી એચ. કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી જી. સી. મુર્મુ, પૂર્વ અધિક મુખ્યસચિવશ્રી મહેશ્વર શાહુ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવશ્રી ભાગ્યેશ જહા તથા ગુજરાતમાં સ્થાયી થયેલા ઓરિસ્સાવાસીઓ-વરિષ્ઠ નાગરિકો, આમંત્રિતો ખાસ ઉપસ્થિત રહયા હતા.

## અંડર-૧૪ રિલાયન્સ ડિસ્ટ્રીકટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લા ટીમ ચેમ્પિયન

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા તાજેતરમાં રિલાયન્સ અંડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. ફાઈનલ મેચ ગાંધીનગર જિલ્લા ટીમ અને અમદવાદ જિલ્લા ટીમ વચ્ચે યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની ટીમ ચેમ્પિયન બની છે.



ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા નડિયાદ ખાતે રિલાયન્સ અંડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. જેમાં ફાઈનલ મેચ ગાંધીનગર જિલ્લા ટીમ અને અમદાવાદ જિલ્લા ટીમ વચ્ચે યોજાઈ હતી.

ટુર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લા ટીમે નડીયાદ, આણંદ, ભરૂચને સ્પર્ધામાં મહાત આપી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઈનલ મેચ અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે યોજાઈ હતી. જેમાં નગરની ટીમ ચેમ્પિયન બની હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં કેપ્ટન તનુષ ગોસાઈએ એક સદી સાથે ૩૧૬ રન અને બોલર ઉર્વીશ ચૌધરીએ ફાઈલની તમામ વિકેટ ઝડપી ટુર્નામેન્ટમાં ૪૨ શિકાર કરી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

ટીમનો વિજેતાનો સ્વાદ ચખાડવામાં સિલેકટર કેતન ભાવસાર, ઉલ્લાસ વોરા, કોચ રાજેન જોષી, અમિત બૂચ, ટીમ મેનેજર દિપક પુરલિયા દ્વારા મહેનત કરવામાં આવી હતી. ટીમને ચેમ્પિયન થવા બદલ જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## માણસા તાલુકા પેન્શનર્સની વાર્ષિક સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

માણસા તાલુકા પેન્શનર્સ એસોસીએશનની ૨૫મી વાર્ષિક સાધારણ સભા તથા રજત જયંતિ સમારોહ ૪૮ ગામ કડવા પાટીદાર સમાજવાડી, ઉમિયાવાડીમાં ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને સ્વાગત ગીતથી કરવામાં આવી. આ સમારંભમાં જામનગર સેવા સંસ્થાનના મહંતશ્રી દેવપ્રસાદ મહારાજશ્રી ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના પ્રમુખ યોગેશભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે કે.બી. વ્યાસ, વિઘ્નેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ડીરેક્ટર દિનેશભાઈ વ્યાસ, ડી.ડી. પટેલ, હરીભાઈ ચૌધરી, ડૉ. ધીરૂભાઈ ગોસાઈ, ડૉ. વિજય ઉપાધ્યાય, વિજય બેંકના ચેરમેન એન.કે. પટેલ તેમજ માનવ મિત્રના તંત્રી ગીતાબેન પટેલ હાજર રહ્યા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય બાદ શરૂ કરવામાં આવી. સૌ પ્રથમ સ્વ. પેન્સનર્સ ભાઈ બહેનોને બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી. પધારેલા મહેમાનોનું ફૂલહાર તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. અગાઉની વાર્ષિક સાધારણ સભામાં થયેલ કાર્યવાહી તથા હિસાબો શ્રી અમૃતભાઈ પટેલ દ્વારા વંચાણમાં લેવામાં આવ્યા અને તેની બહાલી મેળવવામાં આવી. ૬૫ વર્ષ જેમણે પૂર્ણ થયા હતા તેવા સભાસદ ભાઈ બહેનોને મહારાજશ્રી દેવપ્રસાદજીના હસ્તે શાલ તથા પુષ્પ ગુચ્છ આપી સન્માન કરાવવામાં આવ્યું. મહંતશ્રી દેવપ્રસાદજી મહારાજે વૃદ્ધોને જીવનનું પાર્થેય મળી રહે તેવું સુંદર વક્તવ્ય રજુ કર્યુ. તેમજ મહારાજશ્રીએ સ્મરણીકાનું વિમોચન પણ કર્યુ. સભાના પ્રમુખશ્રીએ પણ પોતાના સુંદર પ્રતિભાવો આપ્યા. તાલુકા પેન્શન મંડળના પ્રમુખશ્રી ભોળાભાઈ પટેલ, મહામંત્રીશ્રી બાબુભાઈ પંચાલ તેમજ શ્રી અમૃતભાઈ એન. પટેલે પણ પોતાના પ્રતિભાવો રજુ કર્યા. આ કાર્યક્રમમાં શ્રી અંબાલાલ આઈ. પટેલ જે ભોજનદાતા હતા તેમનું પણ સુંદર રીતે સન્માન કરવામાં આવ્યું. તાલુકા પેન્શનર મંડળને ૨૫ વર્ષ પુર્ણ થતા હોઈ દરેક પેન્શનર્સ ભાઈ બહેનોને આ રજત જયંતિ પ્રસંગે દરેકને એક એક બેગ તથા એક સ્ટીક તેમજ એક સોવેનીયર ભેટ આપવામાં આવ્યું. સોવેનિયરના સંપાદકશ્રીઓ ભોળાભાઈ પટેલ, શ્રી અમૃતભાઈ પટેલ, શ્રી બાબુભાઈ પંચાલ, એ.ડી. પટેલ અને ડી.બી. વિહોલનો દરેકે આભાર માન્યો. સભાના અંતે ડી.બી. વિહોલે આ કાર્યક્રમ જેમણે જેમણે મદદ કરી હતી તેવા સર્વેનો ખૂબ હૃદયપૂર્વક આભાર માની આભારવિધિ વ્યક્ત કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯

સૂર્યાસ્ત : ૭.૨૭

### તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૨ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :

એક વિલન : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

હમશકલ : ૩.૪૫, ૧૦.૦૦

એક વિલન : ૧૨.૩૦

: સ્ક્રીન-૩ :

ટ્રાન્સફોર્મર (૩ડી) (અંગ્રેજી) ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

એક વિલન : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

એક વિલન : ૧૦.૦૦

હોલીડે : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

એક વિલન : ૧૦.૦૦

હોલીડે : ૧.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૫૦, ૭.૧૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૮.૧૫, ૧૧.૩૦, ૯.૨૦

હમશકલ : ૨.૫૦

હોલીડે : ૬.૦૦

: સ્ક્રીન-૩ :

એક વિલન : ૮.૪૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

એક વિલને : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

**સૂર્યા સિનેમા (વાવોલ)**

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

એક વિલન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

હમશકલ : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

એક વિલન : ૪.૧૫

### આપની આજ

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે.

**તુલા** : કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

**મીન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

### ચિરવિદાય

- સ્વ. કેશરબા નાનાજી ચાવડા (ઉ.વ. ૮૦) મુ. રૂપાલ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. જોશી તારાબેન ત્રકમલાલ (ઉ.વ. ૯૨) ૫૦૪/૨, સેકટર-૨૨, તા.જી. ગાંધીનગર.